## ગાંધીનગર મને ગમે છે...



ગુજરાતની રાજધાની ગાધીનગર શહેર છે દિનપ્રતિદિન શહેર પ્રગતિના પંથે હરણફાળ ભરી રહેલ છે દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના નામ પરથી ગાધીનગર શહેરનું નામાધિન થયેલ છે ગાધીનગર શહેર રાજ્યની રાજધાની હોવાથી દેશવિદેશનાં મહાનુભાવો તથા અન્ય રાજ્યના પધારતા મહાનુભાવો માટે સમગ્ર ગુજરાતનુ પ્રતિબિંબ ઉપસાવે છે. અને ગુજરાતની આગવી ઓળખ છાપ ઉભી કરેલ છે એટલું રાજકીય રીતે અને કર્મચારી નગર શિક્ષિત સંસ્કારી નગરીના નામે ઓળખ ધરાવતું હોવાથી સમગ્ર રાજ્ય દેશમાંથી ખૂણ ખુણેથી નોકરી કરતા કર્મચારીઓ વેપાર ધંધા અને રોજગાર માટે અહીં અસંખ્ય લોકો એ વસવાટ કરેલછે અને ગાધીનગર શહેર ને પોતીકું વતન બનાવી દીધેલ છે તેમજ કોઈ જ્ઞાતિ ધર્મ પ્રાંતવાદ ભેદભાવ સિવાય કૌટુંબિક ભાવના સાથે હળીમળીને સર્વ વસવાટ કરે છે

ગાંધીનગર શહેર રાજ્યના અન્ય શહેરો કરતાં લીલાછમ વૃક્ષો સાથે ઘેરાયેલાં શાંત પ્રફુલ્લિત વાતાવરણ ધરાવતું અને વસવાટની દષ્ટિએ આરોગ્યપ્રદ પ્રદુષણ મુક્ત તાજી હવા માટે જાણીતું શહેર છે આથી ગ્રીનસીટી તરીકે આગવી ઓળખ ધરાવે છે આથી ગાધીનગર શહેર મને ગમે છે.

શહેરમાં રાજ્યના વહીવટ માટે સચિવાલય વિધાનસભા રાજભવન, મંત્રીના નિવાસસ્થાન અક્ષરધામ મંદિર, કોર્ટ કચેરીઓ, રાજ્યની કચેરીઓ, સેકટરોના બાગબગીચા, ખુલ્લા પહોળા જાહેર માગે રસ્તાઓ ચાર રસ્તા સર્કલો, જીઆઈડીસી, મહાત્મા મંદિર, રેલ્વે સ્ટેશન વગેરે શહેરની શોભામાં અભિવૃદ્ધિ સાથે સગવડો ઉપલબ્ધ છે આ ઉપરાંત શહેરમાં સામાજિક સમસ્તાના પ્રતિક સમાન મોટા ભાગે શહેરમાં સમાજના ભવનો, શૈક્ષણિક સંકુલ અને સામાજિક સાસ્કૃતિક પ્રવૃતિઓથી શહેર ધમધમે છે.

મારા ગાંધીનગર શહેરની પાદરે સાબરમતી નદી તેના કોતરો અને વૃક્ષો વનરાજી થી શહેરની શોભામાં અભિવૃદ્ધિ કરે છે વનરાજી હોવા છતાં વન્ય પ્રાણી ઓથી મુક્ત ગાંધીનગર આજે ગુજરાત સહિત અન્ય રાજ્ય માટે ઉદાહરણ રુપ શહેર હોવાથી મને ગમે છે અને રહેવાનો ગર્વ છે.

આપણું ગાધીનગર ૫૬-૬૫ કિ.મી. ઘેરાયેલાં વિસ્તારમાં પથરાયેલ છે. દરીયાઈ સપાટીથી ૨૧મી ઊંચાઈ આવેલું છે આ શહેરની પ્રથમ ઈંટ ગાંધીનગર જીઈબી કોલોની ખાતે તારીખ ૨-૮-૧૯૬૫મા જે તે વખતના મુખ્યમંત્રી એ ખાતમુહૂર્ત કરી નિર્માણ કરેલ હતું.

૧૯૭૦ પહેલાં જંગલમાંથી મંગલ થયેલ હતું આ નગરનો પોતીકો કોઈ ઈતિહાસ નથી. મેં મારી નજર સમક્ષ ગાધીનગર શહેર નામના બાળકનો જન્મ થતાં નિહાળ્યો છે ગાંધીનગર જીલ્લાના નજીકના ગામનો વતની હોવાથી ગાંધીનગરની સ્થાપના પહેલાં આ શહેરના રસ્તાઓ પરથી હજારો વખત પસાર થયેલ છું. ઊંચા ઊંચા મોટા થોરની વાડો વચ્ચે રેતાળ ધુળીયા, સાંકડા નાળીયામાંથી પગપાળા બળદ ગાડામાંથી પસાર થતા ત્યારે આ જગ્યાએ માનવ અસ્તિત્વની હલચલ પણ ન કરાય એવા ઊંચા ઊંચા થોર અને ભેકાર ધુળીયા રસ્તાઓમાં કાલ્પનિક ભય ઉત્પન્ન થતો હતો, પરંતુ હાલ ગાધીનગર શહેર સ્વસંપન્ન સુખ સુવિધાઓ સાથે પ્રગતિ વિકાસના પંથે હરણફાળ ભરી રહેલ છે ત્યારે ગાંધીનગર ખુબ ખુબ ગમે છે અને શહેરમાં વસવાટનો ગર્વ અનુભવ છું

● કેશરીસિંહ બિહોલા

# શહેરમાં સ્વાસ્થ્યવર્ધક ચીકુનું આગમન

## ઉનાળાના આગમન સાથે માર્કેટમાં ચીકનું આગમન થયું: ચીકુનો ભાવ રૂા. ૪૦ના પાંચસો ગ્રામ અને રૂા. ૬૦ પ્રતિ કિલો



ગાંધીનગર, તા. ૪

શહેરમાં ઉનાળાની શરુઆત થઈ ગઈ છે ત્યારે ઉનાળાની ગરમીથી રાહત મળી રહે અને શરીર તંદુરસ્ત બની રહે તે માટે વિવિધ ફળો તથા ફળોના જ્યુસનો ઉપયોગ કરવામાં આવે છે. જૈ પૈકીનું એક ફળ છે ચીકું. માર્કેટમાં ચીકુની ભરપૂર માત્રામાં આવક જોવા મળી રહી છે. હજી ઉનાળાની શરુઆત હોવાથી ચીકુનો ભાવ ૪૦ રુપિયે પાંચસો ગ્રામ અને ૬૦ રુપિયા પ્રતિ કિલો છે. જેમ જેમ ગરમી વધશે તેમ તેમ ચીકુનું વેચાણ વધવાની, તેનાં ભાવમાં ફેરફાવ જોવા મળશે.

સ્વાદમાં ગળ્યા ગળ્યા આ ચીકુનો જ્યુસ સૌથી વધારે પીવાતો હોય છે. શહેરીજનો ચીકુની ખરીદી કરીને ઉનાળું મહિના દરમિયાન દરરોજ ચીકુના જ્યુસ બનાવીને નાના બાળકો તથા અન્ય પરિવારના સદસ્યો પણ જ્યુસનો આનંદ માણવા તૈયાર જ હોય છે. તે ખૂબ જ સ્વાદિષ્ટ હોવાથી ભોજન બાદ તેના જ્યુસનું સેવન કરવામાં આવે છે.

ચીકુનાં ફળમાં ૭૧ ટકા પાણી, ૧.૫ ટકા પ્રોટીન, ૧.૫ ટકા ચરબી, ૨૫.૫ ટકા કાર્બોહાઈડ્રેડ હોય છે. તેમાં વિટામીન એ અને વિટામીન-સી સારા પ્રમાણમાં હોય છે. ચીકુના ફળમાં ૧૪ ટકા સાકર પણ હોય છે. તેમાં ફોસ્ફરસ અને લોહ પણ હોય છે અને ક્ષારનો પણ થોડો અંશ હોય છે.

### ચીકુ ખાવાના ફાયદા :

૧. ચીકુમાં વધુ પ્રમાણમાં વિટામીન-એ મળી આવે છે જે આંખો માટે ફાયદાકારક છે. તે ખાવાથી આંખોની તકલીફમાંથી છુટકારો મળી રહે છે.

૨. ચીકુ હાડકાં માટે ખૂબ ફાયદાકારક છે. ચીકુમાં વધુ પ્રમાણમાં કેલ્શિયમ, ફોસ્ફરસ અને આયર્ન મળી આવે છે. જે હાડકા માટે ખૂબ ફાયદાકારક છે.

૩. કેન્સર જેવી ગંભીર બીમારીથી પણ બચી શકાય છે. ચીકુમાં એન્ટી ઓક્સિડેન્ટ, ફાઈબર અને બીજા પોષક તત્વની સાથે વિટામીન-એ અને વિટામીન-સી મળી આવે છે. વિટામીન-એ ફેફસાં અને મોઢાંના કેન્સરથી બચાવે છે.

૪ . ચીકુ શરીરમાં ચેપ સામે લડવાની શક્તિ પૂરી પાડે છે. તેમાં એન્ટી વાયરસ અને એન્ટી બેકટેરિયલ, પોલીફેનોલિક એન્ટી ઓક્સીડન્ટ ગુણ મળી આવે છે. એન્ટી ઓક્સીડન્ટ હોવાના કારણે તે શરીરમાં બેકટેરિયાને આવતા અટકાવે છે.

૫. ચીકુમાં હોમોસ્ટાર્ટીક પ્રોપર્ટીઝના ગુણ પણ મળી આવે છે. એટલે કે શરીરમાં થતાં લોહીને નુકશાનીથી બચાવે છે. તેના બીજને વાટીને તેને જીવજંતુ કરડવાની જગ્યાએ પણ લગાવી શકાય છે તેનાથી રાહત મળે છે.

૬. ચીકુમાં વિટામીન-હોય છે જે ત્વચાને સ્વસ્થ અને સુંદર રાખે છે.

૭. કફની તકલીફમાં ચીકુનું સેવન ફાયદાકારક છે. શ્વસનતંત્રના રોગોથી બચવા માટે ચીકુનું સેવન કરવું.

૮. ૮ થી ૧૦ દિવસ સુધી સતત ૩-૪ ચીકુ ખાવાથી શરીરમાં લોહીની ઊણપ દૂર થાય છે.

૯. ચીકુના બીજમાંથી તેલ બને છે જેને હેર ઓઈલ તરીકે લગાવવાથી ફાયદો થાય છે.

૧૦. ચીકુનું સેવન કરવાથી મેટાબોલિઝમ નિયંત્રિત રહે છે.

# ગાંધીનગરના કેયુર દેસાઈની માત્ર ૩૬ કલાકમાં ૬૦૦ કિલોમીટર સાયકલ રાઈડ

## અથાગ મુશ્કેલીઓ છતા બરોડાથી ઈકબાલગઢનું લાંબુ અંતર સફળતાપૂર્વક પુરૂ કર્યુ

ગાંધીનગર, તા. ૪


ગાંધીનગરમાં સેક્ટર-૫ માં રહેતા કેયુરભાઈ દેસાઈ અને



તેમના સાથી મિત્રો દ્વારા ૬૦૦ કિ.મી.ની સાયકલ રાઈડ માત્ર ૩૬ કલાકમાં જ પૂર્ણ કરવામાં આવી. જેમાં કેયુર દેસાઈએ ૧ ફેબ્રુઆરીથી ૨૭ ફેબ્રુઆરી દરમિયાન ખૂબ મહેનત અને લગનથી આ ૬૦૦ કિ.મી.ની સાયકલ રાઈડ પૂર્ણ કરી છે. ઓડેક્સ ઈન્ડિયા રેન્ડોનિયર્સ કંપની દ્વારા બીઆરએમ નામની ઈવેન્ટ




યોજવામાં આવે છે. જે ઈવેન્ટમાં રાઈડરે ૧ વર્ષની અંદર ૨૦૦ કિ.મી., ૩૦૦ કિ.મી., ૪૦૦ કિ.મી. અને ૬૦૦ કિ.મી.ની રાઈડ પૂર્ણ કરવાની હોય છે. આ રાઈડ દરમિયાન તેઓ કોઈ પણ વ્યક્તિનો સપોર્ટ લઈ શકતા નથી. તમામ વસ્તુઓ તેમને જાતે જ મેનેજ કરવાની હોય છે. આ માટે સાયકલિંગ દરમિયાન તેઓ સાથે ટાયર, ટ્યુબ, ટાયર બદલવાના સાધન, હવા ભરવાનો પંપ અને બીજી તમામ જરૂરિયાતની વસ્તુઓ સાથે લઈને જ સાયકલિંગ કરે છે. કેયુર દેસાઈ દ્વારા બરોડાથી ઈકબાલગઢ (બનાસકાંઠા) અને ઈકબાલગઢથી બરોડા એમ કુલ ૬૦૦ કિ.મી.નો લાંબો રૂટ માત્ર ૩૬ કલાકમાં પૂર્ણ કરવામાં આવ્યો છે. આની સાથે તેમણે ૨૬ દિવસમાં ૨૦૦ કિ.મી., ૩૦૦ કિ.મી., ૪૦૦ કિ.મી. અને ૬૦૦ કિ.મી.ની ઈવેન્ટ પૂર્ણ કરતા તેમને એસઆર (સુપર રેન્ડોનિયર)નું સર્ટીફિકેટ પણ મળ્યુ છે. આ સર્ટીફિકેટથી પેરિસમાં યોજાતી પેરિસ બ્રીસ્ટ પેરિસ જે ૧૨૯૦ કિ.મી.ની ઈવેન્ટ હોય છે તેમાં પણ




તે ભાગ લઈ શકે છે. કેયુર દેસાઈએ આ અગાઉ પર બીજી ઈવેન્ટમાં ભાગ લીધો હતો. તેઓ ૪ વર્ષથી સાઈકલ રાઈડીંગ કરી રહ્યા છે. જેમાં ૧૦૦ દિવસ કોઈ પણ બ્રેક વગર સાયકલીંગ કરવાનું હતું. આ ઈવેન્ટનું નામ ટૂર ધી ૧૦૦ હતું. જેમાં તેમની સાથે ગાંધીનગરના બે સાથી મિત્રો એ પણ ભાગ લીધો હતો. જેમનું નામ કિરણ યાદવ, રાજેશ પ્રજાપતિ અને તેમણે ત્રણેય સાથે મળીને આ ઈવેન્ટ સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી. આ ઈવેન્ટમાં કેયુર દેસાઈ એ ૭૦૫૫ કિ.મી. અને રાજેશ પ્રજાપતિ એ ૪૦૯૪ કિ.મી. માત્ર ૧૦૦ દિવસમાં સાયકલીંગ કર્યું હતું. તેમાં મેડલ અને સર્ટિફીકેટ મળ્યા હતા.

### ૬૦૦ કિ.મી.ના અંતર કાપતા ઘણી બધી મુશ્કેલીઓ પડી

સાયકલ રાઈડિંગ દરમિયાન કેયુર દેસાઈને સામો પવન, રસ્તામાં આવતા છેલ્લા ૧૦૦ કિ.મી.માં ૩૯ જેટલા બ્રીજ ક્રોસ કર્યા જેમાં ડીહાઈડ્રેશનની મુશ્કેલી થઈ હતી. જેનાથી થાક ખૂબ લાગતો હતો. આ વસ્તુને પહોંચી વળવા માટે તેમને ખૂબ જ પાણી પીવું પડ્યું હતું અને રસ્તામાં આવતા શેરડીના રસનો સહારો લીધો હતો.

ગાંધીનગરમાં સાયકલિંગ દ્વારા જીપીએસ સિસ્ટમનો ઉપયોગ કરીને ગાંધીનગર મેપ તૈયાર કર્યો છે. જેમાં સતત ૨૦૧ કિ.મી. સાયકલીંગ કરીને ગાંધીનગર મેપ તૈયાર કર્યો જેમાં ગાંધીનગરના તમામ માર્ગો પર સાયકલ રાઈડ કરી હતી.

# પાટનગરનું હરિયાળુ રત્ન : ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન

## પ્રકૃતિ ઉદ્યાનમાં દર વર્ષે ૫ લાખથી વધારે મુલાકાતીઓની મુલાકાત (કોરોનાકાળ સિવાય)

ગાંધીનગર, તા. ૪

ગ્રીનસીટી ગાંધીનગરમાં પ્રવેશતા જ રોડની બાજુમાં ગાંધીનગરની શાન એવુ સૌથી અનોખુ પ્રકૃતિ







ઉદ્યાન...ગ્રીનસીટીમાં ગ્રીનરી ઉપરાંત ઉદ્યાનોની રચના ગાંધીનગરને આગવી ઓળખ આપે છે. ગાંધીનગરના પ્રવેશદ્વાર ચ-૦ સર્કલથી જમણી તરફ જ માર્ગ તરફ આવેલુ આ પ્રકૃતિ ઉદ્યાન જાણે મહેમાનોનું સ્વાગત કરી રહ્યુ હોય તેવો નજારો બનાવવામાં આવ્યો છે. ઘરમાં જેમ અવનવી તોરણોથી પ્રવેશદ્વારને સજાવવામાં આવે છે તેવી જ રીતે ગાંધીનગરના પ્રવેશમાં આ સુંદર મજાનુ પ્રકૃતિ ઉદ્યાન તોરણ સમાન બનાવવામાં આવ્યું છે. આજે અમે આ પ્રકૃતિ ઉદ્યાનની કેટલીક સુંદર મજાની રચનાને આપની સમક્ષ ટૂંકમાં રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે.

ગાંધીનગરના દક્ષિણ પૂર્વ ભાગમાં સ્થિત ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન પાટનગરનું હરિયાળુ રત્ન છે. કોતરોની પડતર જમીનોને નવસાધ્ય કરવા વર્ષ ૧૯૭૦ માં ગાંધીનગર વન વિભાગે વૃક્ષારોપણ હાથ ધર્યુ હતુ. આજે તેનો અતિ સુંદર માનવ નિર્મિત જંગલનું સ્વરૂપ ધારણ કર્યુ છે. ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન હવે પુષ્કળ પક્ષીઓ, વૃક્ષો, ઝાડી-ઝાંખરા, છોડવાઓ, ઔષધિઓ, સરિસૃપો અને સસ્તન પ્રાણીઓનું નિવાસસ્થાન છે. ઉબડખાબડ કોતરોવાળો વિસ્તાર, નીચાણમાં







વહેતી નદીવાળી પાશ્વાદ ભૂમિ અને લહેરાતી લીલોતરી નયનરમ્ય દશ્યો ખડા કરી રહી છે. આ પ્રકૃતિ ઉદ્યાન કુલ ૪૨૮ હેક્ટર વિસ્તારમાં પથરાયેલો છે. જેમાં ૧૫૭ હેક્ટરપ વિસ્તાર સાબરમતી નદીના પશ્ચિમ કાંઠે અને ૨૭૧ હેક્ટર પૂર્વ કાંઠે છે. પૂર્વ કાંઠાનો વિસ્તાર અરણ્ય ઉદ્યાન જે ૨૦૮.૫૦ હેક્ટર અને સંશોધન કેન્દ્ર ૬૨.૫૦ હેક્ટરમાં વહેચવામાં આવ્યો છે. પ્રકૃતિ ઉદ્યાનમાં ભારત સરકારના કેન્દ્રિય પ્રાણી સંગ્રાલય પ્રાધીકરણ દ્વારા માન્યતા પ્રાપ્ત મધ્યમકક્ષાનું એક પ્રાણી સંગ્રહાલય બનાવ્યું છે. આ પ્રકૃતિઉદ્યાનમાં પ્રાણી સંગ્રહાલય ઉપરાંત મુલાકાતીઓના આકર્ષણ માટેનું ડાયનાસોર અને જીવાશ્મી પાર્ક અને વનસ્પતિ ઉદ્યાન આકર્ષણનું કેન્દ્ર છે.

● ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનના પ્રાણી સંગ્રહાલયમાં રહેલા વિવિધ પ્રાણીઓ અને પશુ-પક્ષીની યાદી

સસ્તનકુળ :- એશિયાઈ સિંહ, ભારતીય વાઘ, દીપડા, કાળિયાર, સફેદ કાળિયાર, ચિત્તલ, સાબર, સિંકારા, શાહુડી વિગેરે

સરીસૃપ :- ભારતીય નાગ, મીઠા પાણીના મગર, ભારતીય અજગર, ધામણ, ખડ ચિતળા, ફુરસા, આંધળી ચાકળ, ભંફોડી, સૂરજ કાચબા, મીઠા પાણીના કાચબા વિગેરે.

વિહંગકુળ : જળ કાગડો, કુંજ, સારસ, બ્રાહ્મીણી સમડી, પિન ટેઈલ, બતક, નાનો બગલો, રાજહંસ, રેવીદેવી, ઘુવડ, પહાડી પોપટ, સફેદ મોર, ફાટી ચાંચ, નાની નાની સીસોટી, સૂડા પોપટ, નકટા બતક, રાત બગલી, કાળી કાંકણસાર, ગુલાબી પેણ, પીળી ચાંચ ઢોંક, પરદેશી ઝુમસ, ગાજ હંસ વિગેરે.

વન્યજીવો :- નીલગાય, ભારતીય મોર, હનુમાન લંગુર, વિવિધ ૨૧૨ પ્રજાતિના પક્ષીઓ

એગ્રોક્લાઈમેટીક ઝોન : ૩૦૦થી વધુ જાતિના વૃક્ષો, ગ્રીન હાઉસ, ૨૦૦થી વધુ જાતિ ધરાવતું કેકટસ હાઉસ, ૨૫૦ જેટલી વનસ્પતિઓયુક્ત ઔષધિય વનસ્પતિ ઉદ્યાન

ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન એ ગાંધીનગર અને તેની આસપાસ વસતા નગારિકો, શાળા કે કોલેજના વિદ્યાર્થીઓ માટે પ્રકૃતિ વચ્ચે રહીને તેને સમજવાનો અને તેને માણવાનો એમ બેવડો અનુભવ આપે છે. પ્રકૃતિ ઉદ્યાનમાં પ્રવેશ ફી ૩૦ રૂપિયાનો ચાર્જ લેવાયો હોય છે.

ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનની દર વર્ષે ૫ લાખથી વધારે મુલાકાતીઓ મુલાકાત લેતા હોય છે. જો કે કોરોના મહામારી દરમિયાન ૨૦૧૯થી સતત બે વર્ષ પ્રકૃતિ ઉદ્યાનમાં મુલાકાતીઓની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે. ભૂસ્તરીય સમયગાળા પ્રમાણે ઉદ્યાનને ત્રણ વિભાગોમાં વિકસાવવામાં આવ્યો છે. બ્રોન્ટો ચોરસ, સ્ટેગો ચોરસ, ટ્રાઈસેટોપ્સ, ઈગુનોડોન, ટી રેક્સ, રેમ્ફોર્નીકસ, ડાયેનોનીક્સ, સીરેડેકટીલ, રાજા સોરસ, નર્મદિન્સીસ, એલો સોરસ વગેરે ડાયનાસોરના જીવંદ કદના પૂતળા તેમના ઉદ્ભવગાળા પ્રમાણે ઉદ્યાનમાં ગોઠવ્યા છે. આ પૂતળાઓની સાથે વિવિધ ડાયનાસોર, વનસ્પતિઓ અને અન્ય પૃષ્ઠવંશી અને અપૃષ્ઠ વંસીઓના અશ્મિઓને પ્રદર્શિત કરવામાં આવ્યા છે.

કોરોના મહામારી દરમિયાન પ્રકૃતિ ઉદ્યાનમાં રહેલી જીવંત શૈલીને કોઈ નુકસાન ન પહોંચે તે માટે નાગરિકો માટે સંપૂર્ણ પ્રવેશ પર પ્રતિબંધ રહેતા આજે પ્રકૃતિ ઉદ્યાનના પ્રાણીઓ-પશુ-પંખીને કોઈ જ પ્રકારનું નુકસાન થયું નથી.







## સેકટર-૨૪ના જનઔષધિ કેન્દ્ર ખાતે સ્વાસ્થ્ય શિબિરનો પ્રારંભ....

પ્રધાનમંત્રીનરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં શરૂ કરાયેલ 'પ્રધાનમંત્રી જનઔષધિ યોજના' અંતર્ગત અને કેન્દ્રીય આરોગ્યમંત્રી મનસુખભાઈ માંડવીયાના માર્ગદર્શન હેઠળ 'જનઔષધિ સપ્તાહ' અન્વયે આજરોજ કેન્દ્રીય મંત્રી પરષોત્તમ રૂપાલાએ ગાંધીનગરના સેક્ટર ૨૪ સ્થિત જનઔષધિ કેન્દ્રની મુલાકાત લઈ સ્વાસ્થ્ય શિબિરનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે મહાનગરના મેયરશ્રી હિતેશ મકવાણા, મહાનગર ભાજપા અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટ, ડે.મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે.કમિટી ચેરમેન જસવંતભાઈ પટેલ, મહામંત્રીઓ કનુભાઈ દેસાઈ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, સંગઠનના હોદ્દેદારો, કોર્પોરેટરો, કાર્યકર્તાઓ, સંબંધિત અધિકારીગણ ઉપસ્થિત રહ્યા હતા.